**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- કૃપાલી મહીચ્છા**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

તારખ:૨૭-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# ભારે વરસાદ-108 એમ્બ્યુલન્સ એલર્ટ

જિલ્લામાં ભારે વરસાદની આગાહીને અનુલક્ષીને જિલ્લા કલેક્ટરશ્રીની સુચના અનુસાર જિલ્લાની તમામ ૧૦૮ એમ્બ્યુલન્સને એલર્ટ પર મૂકવામાં આવી છે. જિલ્લાની તમામ ૧૦૮ એમ્બ્યુલન્સમાં પૂરતાં પ્રમાણમાં (ASV) ઇન્જેક્શનની ઉલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી છે. તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ પૂરતો (ASV), પ્રસુતિ કીટ, ઈમરજન્સી દવાઓ અને ઑક્સિજન સાથે તૈયાર રાખવામાં આવી છે. ભારે વરસાદની સ્થિતિને કારણે દરેક કર્મચારીઓની રજા કેન્સલ કરવામાં આવી છે અને હેડ ક્વાર્ટર રહેવાની સુચના આપવામાં આવી છે.

જિલ્લાના નાગરિકો માટેની ૧૦૮ સેવા દ્વારા અપીલ તેમજ સૂચનાઓ જાહેર કરી છે. જે અંતર્ગત નાગરીકોએ વરસાદ, ચક્રવાત દરમિયાન સલામત સ્થળે સ્થળાંતર થઈ જવું જોઈએ. વરસાદ દરમિયાન અજાણ્યાં રોડ કે વિસ્તારમાં અવરજવર ન કરવી. નદી, નાળા કે ડેમ વિસ્તારમાં અવરજવર ન કરવી. પશુને બાંધી રાખવા નહીં.

વધુમાં વીજળીથી બચવા સલામત સ્થળ અને પાકા મકાન ઉપર રહેવાનું કહેવામાં આવ્યુ છે. કોઈપણ આકસ્મિક ઘટનામાં ગભરાયા વગર ૧૦૮ સેવા અથવા મામલતદાર કચેરીનો સંપર્ક કરવાનું કહેવામાં આવ્યુ છે. હાથ બત્તી અને મોબાઇલને પૂરતી ચાર્જ કરીને રાખવી. વૃક્ષો કે નબળી જમીન ઉપર ઉભા ન રહેવું. નીચાણવાળા વિસ્તારમાં લોકોએ જિલ્લા વહીવટી તંત્રના સંપર્કમાં રહેવું. આકસ્મિક સંજોગોમાં ચોક્કસ માહિતી જિલ્લા વહીવટી તંત્રને આપવી. ખોટી અફવાઓથી ગભરાવુ નહી અને તેનાથી દૂર રહેવું.

**(પરેશ મારૂ)**

---

## રેડ એલર્ટ-કચ્છ

કચ્છને રેડ એલર્ટ ઝોન જાહેર કરાયો છે ત્યારે જિલ્લાના નાગરિકોએ નદી, નાળા, તળાવ, ડેમ સાઈટ કે અન્ય કોઈ જગ્યાએ  પાણી ભરાતું હોય તેવા સ્થળો ન જવા અને આ બાબતે યોગ્ય તકેદારી રાખવા માટે જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ અનુરોધ કર્યો છે.

સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ લાંબા વિરામ બાદ ફરી મેઘરાજાએ મહેર કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ સમગ્ર જિલ્લામાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે.

રસ્તાઓ પરથી પસાર થતા હોય ત્યારે કોઝ વે પરથી પાણી પસાર થતું તેવા રસ્તા પાર ન કરવા તથા ઉંડા પાણીમાં ન જવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

જિલ્લા વાસીઓ પાસે પણ સહકારની અપેક્ષા રાખવામાની રહેશે. તમામ જળાશયો નજીક ન જવા અને બાળકોનું પણ ધ્યાન રાખી અકસ્માત નિવારવા માટે જિલ્લાવાસીઓને યોગ્ય કાળજી રાખવા માટે જણાવવામાં આવ્યુ છે. હજુ આવનારા દિવસોમાં ભારે વરસાદની આગાહી છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લામાં એન.ડી.આર.એફ.ની એક ટૂકડી તેમજ  જિલ્લામાં ફાયર, પોલીસ, પંચાયત, પી.જી.વી.સી.એલ., આપત્તિ વ્યવસ્થાપન સહિતના તમામ વિભાગની ટીમોને તૈયાર રાખવામાં આવી છે. કોઈ પણ બનાવની વિગતો નાગરિકોને મળે તો  તે વિગતો કંટ્રોલ રુમ સુધી પહોંચાડીવાની શકે છે. ભારે વરસાદના સંદર્ભે તંત્રની સુચનાઓનું પાલન કરીને નાગરિકોને સાવધાની સુચકતા જાળવવા અપીલ કરવામાં આવી છે.

**(માહિતી ખાતુ)**

---

## કૃષ્ણ જન્મ

ગઈકાલે મધ્ય રાત્રે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો વરસાદી માહોલ વચ્ચે ભાવિકોએ તેની ઉજવણી કરી હતી. એ પછી આજે નંદ મહોત્સવ ઉજવાશે. કચ્છનાં બે બંદરીય શહેરો માંડવી અને મુંદ્રામાં આજથી બે દિવસ રવાડી ઉત્સવ ઉજવાશે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## પ્રાથમિક-માધ્યમિક શાળાઓ-કોલેજ રજા જાહેર

ભારત સરકારશ્રીના હવામાન વિભાગના તેમજ સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના ચેતવણી મેસેજ અનુસાર રાજ્યમાં તા.૨૬ મી ઓગષ્ટ થી તા.૨૮મી ઓગષ્ટ સુધી ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લામાં  સમગ્ર વિસ્તારમાં ઝડપી પવન સાથે ભારે વરસાદની શક્યતા રહેલ છે. જેથી ભારે વરસાદથી નુકશાન થતું અટકાવવા માટે અગમચેતીના પગલા રૂપે જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છના  આદેશથી આજરોજ  કચ્છ જીલ્લાની તમામ સરકારી ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

**(કૃપાલી મહીચ્છ/યાદી)**

---

## કચ્છ યુનિવર્સિટી-રજા જાહેર

કલેકટરશ્રી- કચ્છની સૂચના અનુસાર તેમજ માન. કુલપતિશ્રીના આદેશાનુસાર  કચ્છમાં રેડ એલર્ટ જાહેર થતા કચ્છ યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક વિભાગ અને કોલેજોમાં શૈક્ષણિક કાર્ય અને વહિવટી કાર્ય બંધ રહેશે અને તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તથા વિદ્યાર્થીઓને રજા રહેશે. જેની સર્વે નોંધ લેવી.

**(કૃપાલી મહીચ્છ/યાદી)**

---